શ્રીમદ્ પરમ સદ્‌ગુરૂશ્રી નર્મદાનંદજી મહારાજ પ્રેરીત

# શ્રી દત્ત આશ્રમ-ઉછાલી

મુ. ઉછાલી, પો. દઢાલ, તા. અંકલેશ્વર, જી. ભરૂચ, ગુજરાત-પીન-૩૯૩૦૦૧. ઓ.મો.નં. : ૭૨૨૮૦૩૦૮૧૧

॥ ગુરૂ બ્રહ્મા, ગુરૂ વિષ્ણુ, ગુરૂ દેવો મહેશ્વરા, ગુરૂ સાક્ષાત પર બ્રહ્મ, તસ્મૈ શ્રી ગુરૂદેવ નમઃ ॥

## મૌન કુટીરના નિયમો અને ટાઈમ ટેબલ

તારીખ :

૧) પુરેપુરૂ નામ : ..........................................જન્મ તા...........................

૨) સરનામું : ....................................................................................

૩) સંપર્ક મો.નં. : (અ) આપનો પોતાનો મો.નંબર..........................................

(બ) આપના પરિવારના સભ્યનો મો.નંબર..........................................

૪) આધાર કાર્ડ નં. : ....................................

### મૌનકુટીરમાં બેસનાર વ્યકિત માટેના નિયમો

(૧) મૌન કુટીર રૂમ ત્રણ કે સાત દિવસ પુરતું જ આપવામા આવશે.

(૨) મૌન કુટીરમાં પ્રવેશ કરતા પહેલાં આપના આધારકાર્ડની સ્પષ્ટ વાંચી શકાય તેવી ઝેરોક્ષ કોપી કાર્યાલયમાં જમા કરાવવાની ફરજીયાત છે.

(૩) મૌન કુટીરમાં બેસવા માટે આશ્રમ ખાતે ફોર્મ ભરી રસીદ મેળવી ફોર્મમાં તારીખ ભરીને આપવી, ત્યાર બાદ સંસ્થાની અનુકુળતાએ મૌનકુટીરમાં બેસવા દેવામાં આવશે.

(૪) મૌન કુટીરમાં પ્રવેશ કરતાં પહેલાં સંસ્થાના નીતિ-નિયમો મુજબ નીચે પ્રમાણેની રકમ અગાઉથી (એડવાન્સમાં) રોકડ કે ઓનલાઇન દ્વારા જમા કરાવવાની રહેશે. જે **કોઈ પણ સંજોગોમાં** પરત થવાને (રીફન્ડેબલ) પાત્ર નથી, જેની આપ નોંધ લેશો.

(અ) ત્રણ (૩) દિવસના રોકાણ માટે રૂા. ૧૦૦૦/-

(બ) સાત (૭) દિવસના રોકાણ માટે રૂા. ૨૧૦૦/-

**(ફળ-ફળાદી કે સુકો નાસ્તો વિગેરે આપને જાતે લાવવાનો રહેશે.)**

### ઓનલાઈન પેમેન્ટ માટેની વિગત :

**SHREE DATT ASHRAM, UCHHALI**

BANK NAME : BANK OF INDIA
BRANCH NAME : JHAGADIYA, BHARUCH
ACCOUNT NO. : 300610110002162
IFSC CODE : BKID0003006

(A) મૌન કુટીરમાં પ્રથમ પ્રવેશ માટેનો અને બહાર આવવાનો સમય નીચે મુજબ છે, જે મુજબ આપના તરફથી સાધન સામગ્રીની પૂરી તૈયારી રાખવાની રહેશે. જેથી પ્રવેશ કરવામાં વિલંબ ન થાય.

મૌન કુટીરમાં પ્રવેશ કરવાની તારીખ/સમય : તારીખ.................સવારે/સાંજે..........કલાકે

મૌન કુટીરમાંથી બહાર આવવાની તારીખ/સમય : તારીખ.................સવારે.................કલાકે

(B) મૌન કુટીરમાં બેઠા પછી આપ ઓબઝર્વેશન વિંડો (બારી) થકી સ્લેટ પેનથી લખીને વ્યવહાર કરી શકશો. બારી બહાર ઉભેલ વ્યકિત (સંસ્થાના કર્મચારી/હોદ્દેદાર) સાથે વાતચીત કરી શકશો નહી.

(પાછળ)

(C) મૌન કુટીરમાં મોબાઇલ લઇ જવાની/સાથે રાખવાની સખ્ત મનાઇ છે. આપનો મોબાઇલ/ચાર્જર ઓફીસ કાર્યાલયમાં સાચવણી માટે જમા કરાવવાનો રહેશે. મોબાઇલને સંપૂર્ણ પણે લોક કરવાની જવાબદારી આપની રહેશે.

(D) આપની જે જરૂરીયાતની વસ્તુની આપને લાવવાની રહેશે. છતાં જાણ કરશો તો જે વસ્તુ હાજરમાં હશે તો જ આપવામાં આવશે.

(E) રૂમની સ્વચ્છતા જાતે જ કરવાની રહેશે. મૌન કુટીરમાં કોઇ પણ જાતની બિનજરૂરી ગંદકી કરવી નહી.

(F) આપના કપડા જાતે જ ધોવાના રહેશે.

(G) મૌન કુટીરમાં જનાર વ્યકિતએ ફળ-ફળાદી કે સુકો નાસ્તો જાતે જ લાવવાનો રહેશે. ફળ લાવશો તો આશ્રમના ફ્રીઝમાં મુકવાની વ્યવસ્થા આશ્રમ ખાતે આપવામાં આવશે. આપની જરૂરીયાત મુજબ ફળ આપને આપવામાં આવશે.

(H) મૌન કુટીરમાં આપની જરૂરીયાતની વસ્તુ જેમ કે (આધ્યાત્મિક સાહિત્ય/પૂજા સામગ્રી/રોજીંદી દવા/ મીણબત્તી/ચાર્જેબલ ટોર્ચ સાથે લાવવાની રહેશે.

(I) આપની જરૂરીયાત/સગવડ માટે મૌન કુટીર ની બહાર ઈલેકટ્રીક બેલ મુકેલ છે. જેનાં દ્વારા આપ સંસ્થાના કર્મચારી/હોદ્દેદારો સાથે સંદેશો આપ-લે કરી શકશો. એ માટે ઈન્સપેકશન/ઓબઝર્વેશન વિંડો (બારી) માં સ્લેટ/પેન મુકેલ છે. જેમાં આપ આપની જરૂરીયાત સમયાંતરે દર્શાવી શકો છો. અગાઉ જણાવ્યા મુજબ સંસ્થાના નીતિ-નિયમોને અનુલક્ષીને આપની બધીજ જરૂરીયાતો સંસ્થા દ્વારા સંતોષાય જ તે જરૂરી નથી. જે આપ ધ્યાનમાં લેશો.

(J) અતિશય કટોકટીમાં સંપર્ક માટે આપ ત્રણ વાર લાંબો બેલ વગાડશો. જેથી સંસ્થાના કર્મચારી/હોદ્દેદારો ના તુરજ જ ધ્યાન ઉપર આવે અને આપની મદદ માટે પહોંચી શકે. બિનજરૂરી પરેશાન કરવું જરાય હિતાવહ નથી, જે ધ્યાનમાં લેશો.

(K) આપે આપનો મોબાઇલ નંબર તેમજ આપના એકદમ નજીકના પરિવારનાં કોઇ એક સભ્યનો મોબાઇલ નંબર ઓફીસ કાર્યલયમાં લખાવવાનો રહેશે. જેથી આપના પરિવાર દ્વારા/સંસ્થાના હોદ્દેદાર દ્વારા કટોકટીના સમયે જરૂર જણાયે સંપર્ક કરી શકવાની સુવિધા રહે.

(L) આપે આપના સ્વાસ્થની/તંદુરસ્તીની તકેદારી આપે જાતે જ રાખવાની રહેશે. આપને કદાચ કોઇ કટોકટી/આકસ્મિક ના સમયમાં વૈદકીય સારવાની જરૂર પડે તો સંસ્થા દ્વારા વૈદકીય સારવાર માટે પહોંચાડવા તાત્કાલીક યોગ્ય સહાય કરવામાં આવશે.

(M) દરરોજ લગભગ સાંજે ૭-૩૦ કલાક થી સવારે ૬-૦૦ કલાકનાં સમય ગાળા દરમિયાન મંદિર પ્રાંગણમાં અવર જવર લગભગ નહીંવત રહેશે. જેની આપ ખાસ નોંધ લેશો.

(N) મૌનકુટીરમાં બેસનાર ભકતને કોઇ બીમારી હોય તો તેની જાણ ફરજીયાત કરવાની રહેશે. જેમ કે સુગર, પ્રેશર, હાર્ટની તકલીફ, વા અથવા કોઇ પણ જાતની બીમારી.

## ચા/ભોજનનું સમય પત્રક

| | |
|---|---|
| સવારે ૬-૦૦ થી ૬-૩૦ કલાકે | : ચા/કોફી/દૂધ |
| સવારે ૧૧-૦૦ થી ૧૨-૦૦ કલાકે | : ભોજન (સાદુ) દાળ-ભાત-શાક-રોટી |
| બપોરે ૨-૩૦ થી ૩-૦૦ કલાકે | : ચા/કોફી/દૂધ |
| સાંજે ૭-૦૦ થી ૭-૩૦ કલાકે | : ભોજન (સાદુ) શાક-રોટી |

**નોંધ :** આપ ભકતો ને મૌનકુટીરમાં બેસવા માટે (પ.પૂ. નર્મદાનંદજી) ગુરૂમહારાજ પ્રેરણા આપે તેમજ શકિત આપે અને તમે બેસો ત્યારે તમોને ગુરૂદર્શન મળે અને ગુરૂમહારાજના આશીર્વાદ પ્રાપ્ત થાય એવી અમો ટ્રસ્ટી મંડળ શુભેચ્છા પાઠવીએ છીએ.

આ નિયમો મેં વાંચ્યા છે જે મને મંજુર છે.

સંસ્થાના હોદ્દેદારનું નામ અને સહી
શ્રી દત્ત આશ્રમ-ઉછાલી

મૌન કુટીરમાં જનારનું
નામ અને સહી